આંક–૧ નીચે હુકમ :–

(૧) આ કામની ફરીયાદ જાહેર સેવક તરીકે રેલ્વે પ્રોટેકશન ફોર્સના અધિકારીએ દાખલ કરી આરોપીને ફરીયાદીએ જ રજુ રાખેલા છે. આરોપીએ રેલ્વે પ્રોટેકશન ફોર્સના અધિકારી રૂબરૂ હાલના ગુન્હાની કબુલાત કરી આજરોજ કેસ સાંભળી નિકાલ કરવા રજુઆત કરેલ છે. જેથી ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૯૦(૪) મુજબ કેસ હાથ પર લેવામા આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષે આ કામના આરોપી ઉપર રેલ્વે એકટની કલમ– ૧૪૫–બી હેઠળના ...રેલ્વે ના વિસ્તારમાં ગંદગી કરતા... ના ગુનાનું તહોમત મુકતા ગુના સબબ આરોપીનું પ્રાથમિક નિવેદન લેતા આરોપીએ ગુન્હાનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાની ખાત્રી કરવામા આવી અને આરોપીની મૌખિક રજુઆત છેકે, હાલનો પ્રથમ ગુન્હો છે તેઓ કુટુંબ કબીલાવાળા એકમાત્ર કમાવનાર ગરીબ વ્યકિત છે. તેમની ઉપર દયા કરી હળવી સજા કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે આરોપી સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોટ પાસે કોઈ વિકલ્પ નથી. આ કામે આરોપીએ કાયદાની આંટીઘુંટીનો લાભ મેળવવાનો પ્રયત્ન કયા વગર સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરેલ છે તે સંજોગોમાં નામ. ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરલાલ હરખચંદજી ઠાકોર – ૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯ થી નોંધાયેલ ચુકાદામાં ઠરાવેલ છેકે, જો આરોપીનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો, કોર્ટ કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે. આરોપીને કઠોર સજા કરવામા આવે તો આરોપી રીઢા ગુન્હેગારના સંસર્ગમાં આવે અને ગુનાખોરીના માર્ગે ચડે તેવી શકયતાને ધ્યાને લેતાં ઉપરોકત હકીકતે કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા નહી કરતા આરોપીની રજુઆત અને કબુલાતનો સ્વીકાર કરી આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વય રેલ્વે એકટની કલમ–...૧ ૪૫–બી.. મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂ. ૨૦/– (અંકે રૂપિયા વીસ પુરા) નો દંડ કરવામા આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ભરવાની કસુર કરે તો દિન–..૦૧ ..(એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

તા:– ૦૧/૦૧ /૨૦૧૯

ભાવનગર/ધોળા/બોટાદ/સુરેન્દ્રનગર/અમરેલી ( એમ.એમ.કુરેશી )

**GJ1472**

જયુડી. મેજી. ફ. ક. (રેલ્વે)

ભાવનગર